# ચુંટેલા બાળગીતોની ફૂલદાની



: સંકલન :

અમિત દલસાણિયા

Amit Sir

# ચુંટેલા બાળગીતોની ફૂલદાની

## સંકલન : અમિત દલસાણિયા

<u>ટાઈપ સેટીંગ</u>

અમિત દલસાણિયા
શ્રી પીપળિયા પ્રાથમિક શાળા,
તા.ધોરાજી જિ.રાજકોટ.
M. 94277 41423

# પુસ્તક વિશે બે બોલ

આ પુસ્તક એટલે બાળકોને ખૂબ પ્રિય અને શિક્ષકોને ઉપયોગી એવા ગેય કાવ્યોનો સંચય. આશા રાખું છું કે આ બાળકાવ્ય ગૂચ્છ શિક્ષણ જગત સાથે સંકળાયેલા સહુને ઉપયોગી થશે, એમાં જ મારા કાર્યની સફળતા રહેલી હશે. ટૂંકમાં પ્રજ્ઞા અભિગમમાં સપ્તરંગી પ્રવૃત્તિ દરમ્યાન શિક્ષકોને ઉપયોગી પુસ્તક એટલે આ ચુંટેલા બાળગીતોની ફૂલદાની.





**અમિત દલસાણિયા**
પી.ટી.સી.,એમ.એ.
આસિ.પીપળિયા પ્રા.શાળા, તા.ધોરાજી

ISBN 978-93-85400-15-5
9 789385 400155

ચુંટેલા બાળગીતોની ફૂલદાની

# અનુક્રમણિકા


૧. મને આભલે ચમકતો ચાંદલો ગમે...
૨. સૈનિક સૈનિક રમીએ...
૩. અજબ જેવી વાત...
૪. આત્માકા પરમાત્મા સે મિલન...
૫. અમે નાનકડાં દેવ બાલમંદિરના...
૬. રેલગાડી સરરરર સરરરર જાય...
૭. આ વાત કદી ન ભૂલાય...
૮. દોડો દોડો ભાઈ...
૯. પીપૂડીવાળાનો પેલો તનમનિયો...
૧૦. બા પેલી શાળાએ દોડી દોડી જાઉં...
૧૧. એક જાડો પાડો હાથીડો...
૧૨. ધીંકા તીંકા ધીંકા તીંકા તા...
૧૩. મમ્મી મને રે મામા ને ઘેર જાવા દે...
૧૪. ખાતી નથી પીતી નથી ઢીંગલી...
૧૫. આપણું આપણું ગુજરાત છે...
૧૬. બ્રસ, બ્રસ, બ્રસ યોર ટીથ...
૧૭. રોજ નિશાળે જઈએ અમે..
૧૮. મોટો મોટો થાઉં..
૧૯. હું તો જાડિયો ભીમ બની જાઉં...
૨૦. દાદાજીની લાકડી...
૨૧. અમે ફેરફુદરડી ફરતાતા...
૨૨. ભણવાને આવજો હો...
૨૩. બચુભાઈ કેવડા હતા રે...
૨૪. જંગલ કેરા પ્રાણીઓની છૂક...
૨૫. આજ મને બા એમ જ થાય...
૨૬. લીલી પીળી બસ ચાલી જાય...
૨૭. ચકીબેન ચકીબેન મારી સાથે...
૨૮. અંતર મંતર જંતર...
૨૯. નાની મારી સ્લેટ...
૩૦. ઢીંગલીબેન લપસી પડયા'તા..
૩૧. મજાની ખીસકોલી...
૩૨. જનમદિવસ છે મેનાનો...
૩૩. એક રૂપિયાના દશકા દશ...
૩૪. અમે ભાઈ બહેન ભેગા અમે...
૩૫. એક મજાનો માળો એમા...
૩૬. આ અમારુ ઘર છે...
૩૭. કોયલ કૂકૂ ગાય...
૩૮. આજ અમે સૌ નાના બચ્ચાં...
૩૯. મારી મમ્મીએ આજ મને માર્યુ...
૪૦. પોપટ પાંજરામાં મીઠું મીઠું બોલે..
૪૧. ધોળા ધોળા સસલા તમે કયાં ચાલ્યા ?
૪૨. દસ નાની ચકલી...
૪૩. ટ્રીન ટ્રીન ટેલીફોન...
૪૪. એક એટલે એકડો...
૪૫. એક કહેતા એક હાથ ઉંચો...
૪૬. રંગીલા રંગીલા પતંગિયા..
૪૭. ચણ ચણ બગલી ચણાની દાળ...
૪૮. સસલીબેને સેવ બનાવી...
૪૯. હું તો દોડું ત્યાં ધરતી ધમધમતી...
૫૦. મારા આંગળાનો જાદુ...
૫૧. પંખી બની ઊડી જઈએ....

નિજાનંદ માટે સંકલન કરી

ભારતનું નવનિર્માણ

જેનાથી થવાનું છે

તે નવી પેઢીને

તથા

આ પેઢી

ઘડનારા શિક્ષકોને

સાદર અર્પણ

પ્રાથમિક શાળા માટે ખાસ..

૧૧૧
મૂલ્યલક્ષી
પ્રસંગો

# ચુંટેલા પ્રસંગોની ફૂલદાની

: સંકલન અને સંક્ષેપ્ત :


અમિત દલસાણિયા





ISBN : 978-93-85400-14-8

9 789385 400148


મૂલ્ય : રૂા. 100/-

(આ પુસ્તક વેચાણમાંથી જે આવક થશે તેની અડધી આવક શ્રી પીપળિયા પ્રા.શાળાને આપવામાં આવશે.)

# ૧. મને આભલે ચમકતો ચાંદલો ગમે...

મને આભલે ચમકતો ચાંદલો ગમે,
એની આસપાસ નાનાં–મોટાં તારા રમે.
મને...

મને શિયાળે સુરજનો તડકો ગમે,
એની આસપાસ મારો પડછાયો રમે.
મને...

મને ઉનાળે સંધ્યાની સોબત ગમે,
એની આસપાસ લાલ–પીળાં રંગો રમે.
મને...

મને ચોમાસે વીજના ચમકારા ગમે,
એની આસપાસ ઘનઘોર વાદળ રમે.
મને...

મને ધરતીના ખોળે ઊગ્યા છોડવા ગમે,
એની આસપાસ પાંદડાને ફૂલો રમે.
મને...

મને માનવ મહેરામણના મેળા ગમે,
એની આસપાસ નાનાં મોટાં છોરા રમે.
મને...

# ૨. સૈનિક સૈનિક રમીએ...

ચાલ બચુડાં લઈલે સોટી, સૈનિક સૈનિક રમીએ,
માથે મજાની પહેરી ટોપી, ગલીએ ગલીએ ભમીએ.

હું પપ્પાનો કોટ લઈ આવું, તું લઈ આવને સીટી,
હું બાના ચશ્માં લઈ આવું, કાગળિયામાં વીંટી.

બની ઠનીને બેસી જઈને, અફસર સાહબને નમીએ,
ચાલ બચુડા લઈને સોટી, સૈનિક સૈનિક રમીએ.

કોઈની હોય જો દાનત મેલી, અમે ઉગામીશું દંડો,
દેશ ભકિતનું કામ કરીશું, ઊંચો રહેશે ઝંડો.

આઝાદીની રક્ષા કરીને, ભારત માતાને ગમીએ,
ચાલ બચુડા લઈલે સોટી, સૈનિક સૈનિક રમીએ.

# ૩. અજબ જેવી વાત છે...

નાની મારી આંખ, એ જોતી કાંક કાંક,
એ તો કેવી અજબ જેવી વાત છે!

નાક મારુ નાનું, એ સુંઘે ફૂલ મજાનું,
એ તો કેવી અજબ જેવી વાત છે!

કાન મારા નાના, એ સાંભળે દઈને ધ્યાન,
એ તો કેવી અજબ જેવી વાત છે!

પગ મારા નાના, એ ચાલે છાનાં–માનાં,
એ તો કેવી અજબ જેવી વાત છે!

હાથ મારા નાના , એ તાલી પાડે સાથ,
એ તા કેવી અજબ જેવી વાત છે!

# ૪. આત્મા કા પરમાત્મા સે મિલન... યોગ

આત્મા કા પરમાત્મા સે મિલન
ઉસે કહતે હે યોગ..(૨)

સુન... સુન... અચ્છા તું સુન... (૨)
બુરા કભી સુનના નહીં...(૨)
ઉસે કહતે હે યોગ..

દેખ... દેખ... અચ્છા તું દેખ... (૨)
બુરા કભી દેખના નહીં...(૨)
ઉસે કહતે હે યોગ..

બોલ... બોલ... અચ્છા તું બોલ... (૨)
બુરા કભી બોલના નહીં...(૨)
ઉસે કહતે હે યોગ..

# ૫. અમે નાનકડાં દેવ બાલમંદિરના...

અમે નાનકડાં દેવ બાલમંદિરના,
થાય પૂજા અમારી બાલમંદિરમાં.

કૃષ્ણ નાના હતા,
દૂધ પીતા હતાં,
દહીં ખાતા હતાં,
બેન માખણ ખવડાવે બાલમંદિરમાં.

કૃષ્ણ નાના હતા,
સૌને ગમતાં હતાં,
ખૂબ રમતા હતાં,
બેન રમતો રમાડે બાલમંદિરમાં.

કૃષ્ણ નાના હતા,
ખૂબ નીડર હતાં,
નાગ દમતાં હતાં,
બેન નિર્ભય બનાવે બાલમંદિરમાં.

કૃષ્ણ નાના હતા,
ખૂબ ભણતાં હતાં,
ગુરુ પ્રેમાળ હતાં,
બેન સાચું ભણાવે બાલમંદિરમાં.

અમે નાનકડાં દેવ બાલમંદિરના,
થાય પુજા અમારી બાલમંદિરમાં.

## ૬. રેલગાડી સરરર સરરર જાય...

રેલગાડી સરરર સરરર જાય...(૨)
રેલ મેં બૈઠે પંજાબી લોગ.,
પંજાબી આ..હા.., પંજાબી ઓ..હો.,
પંજાબી દૂધ–લચ્છી, દૂધ–લચ્છી ખાયે.

રેલગાડી સરરર સરરર જાય...(૨)
રેલ મેં બૈઠે બંગાળી લોગ.,
બંગાળી આ..હા.., બંગાળી ઓ..હો.,
બંગાળી રસગુલ્લા, રસગુલ્લા ખાયે.

રેલગાડી સરરર સરરર જાય...(૨)
રેલ મેં બૈઠે મદ્રાસી લોગ.,
મદ્રાસી આ..હા.., મદ્રાસી ઓ..હો.,
મદ્રાસી ઈડલી–ઢોસા,ઈડલી–ઢોસા ખાયે.

રેલગાડી સરરર સરરર જાય...(૨)
રેલ મેં બૈઠે રાજસ્થાની લોગ.,
રાજસ્થાની આ..હા.., રાજસ્થાની ઓ..હો.,
રાજસ્થાની દાળ–બાટી, દાળ–બાટી ખાયે.

રેલગાડી સરરર સરરર જાય...(૨)
રેલ મેં બૈઠે મરાઠી લોગ.,
મરાઠી આ..હા.., મરાઠી ઓ..હો.,
મરાઠી દાળ–ભાત, દાળ–ભાત ખાયે.

રેલગાડી સરરર સરરર જાય...(૨)
રેલ મેં બૈઠે ગુજરાતી લોગ.,
ગુજરાતી આ..હા.., ગુજરાતી ઓ..હો.,
ગુજરાતી કઢી–ખીચડી, કઢી–ખીચડી ખાયે.
રેલગાડી સરરર સરરર જાય...

# ૭. આ વાત કદી ન ભૂલાય...

આ વાત કદી ન ભૂલાય... (૨)

નિશાળે જઈને લેશન કરાય,
મેદાને જઈને રમત રમાય,
ઘરમાં બા ને મદદ કરાય..
આ વાત કદી ન ભૂલાય...

શિયાળામાં ઠંડી વાય,
ઉનાળામાં ગરમી થાય,
ચોમાસામાં ભીંજાઈ જવાય,
આ વાત કદી ન ભૂલાય...

આપણાથી મોટાને વંદન કરાય,
આપણાથી નાનાને લાડ કરાય,
આપણા જેવડાની દોસ્તી કરાય,
આ વાત કદી ન ભૂલાય...

બચબચ કરતાં ખાણું ન ખવાય,
ઘુટઘુટ કરતાં પાણી ન પીવાય,
ઘસઘસ કરતાં પગ ન ઘસાય,
આ વાત કદી ન ભૂલાય...

રાડો પાડીને વાત ન કરાય,
થાક્યાં હોય તેને સુવા દેવાય,
અજાણ્યા માણસને મદદ કરાય,
આ વાત કદી ન ભૂલાય....

સવારે પ્રભુને નમન કરાય,
ભોજન પહેલા એને ન ભૂલાય,
સૂતા પહેલા વંદન કરાય,
આ વાત કદી ન ભૂલાય..

# ૮. દોડો દોડો ભાઈ...

દોડો દોડો ભાઈ... દોડો દોડો ભાઈ...
સારા સારા કામ કરવા... દોડો દોડો ભાઈ.

તોડો તોડો ભાઈ... તોડો તોડો ભાઈ...
લાલચની સાંકળને... તોડો તોડો ભાઈ.

ફોડો ફોડો ભાઈ... ફોડો ફોડો ભાઈ...
અભિમાનના ફૂગ્ગાને... ફોડો ફોડો ભાઈ.

થોડો થોડો ભાઈ... થોડો થોડો ભાઈ...
ભણવામાં સમય આપો... થોડો થોડો ભાઈ.

છોડો છોડો ભાઈ... છોડો છોડો ભાઈ...
ગંદી ગંદી ટેવ તમે... છોડો છોડો ભાઈ.

જોડો જોડો ભાઈ... જોડો જોડો ભાઈ...
ભણવામાં મન તમે... જોડો જોડો ભાઈ.

# ૯. પીપૂડીવાળાનો પેલો તનમનિયો...

પીપૂડીવાળાનો પેલો તનમનિયો, પેલો તનમનિયો...
ચોરી ગયો પેલો કેળાનો કરંડિયો...
કેળા ખવાય છે...ને... છાલ... ફેંકાય છે..
ચોરી પકડાય છે....
મનમાં ને મનમાં પેલો તનમનિયો મુંઝાય છે..
પીપૂડીવાળાનો...

પીપૂડીવાળાનો પેલો તનમનિયો, પેલો તનમનિયો...
ચોરી ગયો પેલો કેરીનો કરંડિયો...
કેરી ખવાય છે...ને... ગોઠલાં... ફેંકાય છે..
ચોરી પકડાય છે....
મનમાં ને મનમાં પેલો તનમનિયો મુંઝાય છે..
પીપૂડીવાળાનો...

પીપૂડીવાળાનો પેલો તનમનિયો, પેલો તનમનિયો...
ચોરી ગયો પેલો ચીકુનો કરંડિયો...
ચીકુ ખવાય છે...ને... બી... ફેંકાય છે..
ચોરી પકડાય છે....
મનમાં ને મનમાં પેલો તનમનિયો મુંઝાય છે..
પીપૂડીવાળાનો...

# ૧૦. બા હું શાળાએ દોડી દોડી જાઉં...

બા હું શાળાએ દોડી દોડી જાઉં...
સફાઈ કરીને શાળા સુંદર બનાવું,
પ્રાર્થનાને ગીત મીઠાં ગાઉં... ગાઉં... ગાઉં...
બા હું શાળાએ...

ગણિત શીખુંને ચોપડીઓ વાંચું,
મોઢે કવિતા.. ગાઉં.. ગાઉં...ગાઉં...
બા હું શાળાએ...

વિજ્ઞાન ભણુંને – પ્રયોગો શીખું,
ડૉક્ટર, વૈજ્ઞાનિક.. થાઉં.. થાઉં...થાઉં...
બા હું શાળાએ...

નાગરિક વાંચુ ને ઈતિહાસ વાંચું,
અકબર, શિવાજી.. થાઉં.. થાઉં...થાઉં...
બા હું શાળાએ...

રમત રમવાને સૌ પહેલો જાઉં...
મોટો ખેલાડી.. થાઉં.. થાઉં...થાઉં...
બા હું શાળાએ...

ભૂગોળ શીખુંને, નકશાઓ ગોઠવું,
જગતનો ભોમિયો.. થાઉં.. થાઉં...થાઉં...
બા હું શાળાએ...

ભણીગણીને દેશ..સેવા કરુ,
સાચો ભારતીય.. થાઉં.. થાઉં...થાઉં...
બા હું શાળાએ...

# ૧૧. એક જાડો પાડો હાથીડો

એક જાડો પાડો હાથીડો,
જો લંગડી રમવા આવે તો...
મજા પડે.. ભાઈ.. મજા પડે..

આ ટમટમ કરતા તારલિયા,
જો પતંગિયા થઈ આવે તો...
મજા પડે.. ભાઈ... મજા પડે..

આ મારા સોકેસની ઢીંગલી,
જો ગરબે રમવા આવે તો...
મજા પડે.. ભાઈ... મજા પડે..

આ આંબા ડાળે કોયલડી,
જો મીઠું મીઠું બોલે તો...
મજા પડે.. ભાઈ... મજા પડે..

આ બંસરી બજવતો કનૈયો,
જો માખણ ખાવા આવે તો...
મજા પડે.. ભાઈ... મજા પડે..

આ મારા દેશનાં બાલુડાં,
જો સત્યનું પાલન કરે તો...
મજા પડે.. ભાઈ... મજા પડે..

# ૧૨. ધીંકા તીકા ધીંકા તા

ધીંકા તીકા, ધીંકા તીકા, ધીંકા તીકા તા...
ઓ પતંગિયા.., ઓ પતંગિયા...
તું શીખવી જા મને ઊડવાનું...(૨)

ધીંકા તીકા, ધીંકા તીકા, ધીંકા તીકા તા...
ઓ કોયલબેન.., ઓ કોયલબેન...
તું શીખવી જા મને ગાવાનું...(૨)

ધીંકા તીકા, ધીંકા તીકા, ધીંકા તીકા તા...
ઓ માછલીબેન.., ઓ માછલીબેન...
તું શીખવી જા મને તરવાનું...(૨)

ધીંકા તીકા, ધીંકા તીકા, ધીંકા તીકા તા...
ઓ પોપટભાઈ.., ઓ પોપટભાઈ...
તું શીખવી જા મને બોલવાનું...(૨)

ધીંકા તીકા, ધીંકા તીકા, ધીંકા તીકા તા...
ઓ મયુરભાઈ.., ઓ મયુરભાઈ...
તું શીખવી જા મને નાચવાનું...(૨)

# ૧૩. મામાને ઘેર જાવા દે

મમ્મી મને રે... મામા ને ઘેર જાવા દે...
મમ્મી મને રે... મામા ને ઘેર જાવા દે...

ટ્રીન ટ્રીન કરતી...
પેલી કેવી રોડ પર ચાલે છે.
સાયકલમાં બેસીને... સાયકલમાં બેસીને....
મામાને ઘેર જાવા દે. મમ્મી...

પમપમ કરતી...
પેલી કેવી રસ્તા પર ચાલે છે.
મોટરમાં બેસીને... મોટરમાં બેસીને...
મામાને ઘેર જાવા દે. મમ્મી...

ઘરરર કરતું...
પેલું આકાશમાં ઉડે છે.
વિમાનમાં બેસીને...વિમાનમાં બેસીને...
મામાને ઘેર જાવા દે. મમ્મી...

સરરર કરતી...
પેલી દરિયામાં જાય છે.
હોડીમાં બેસીને...હોડીમાં બેસીને...
મામાને ઘેર જાવા દે. મમ્મી...

મમ્મી મને રે... મામા ને ઘેર જાવા દે...
મમ્મી મને રે... મામા ને ઘેર જાવા દે...

# ૧૪. ઢીંગલી મારી બોલતી નથી

ખાતી નથી પીતી નથી – ઢીંગલી મારી બોલતી નથી,
બોલ બા બોલ એને કેમ બોલાવું, એને કેમ બોલાવું.

ડોલમાં બેસાડી એને નવડાવું,
ચંપાના ફૂલની વેણી ગુંથાવું,
તો પણ એ બોલતી નથી, તો પણ એ બોલતી નથી.
ખાતી નથી...૦

ઘંટીને ઘુંઘરો આપું છું રમવાં,
સોનાના પાટલે બેસાડું જમવાં,
તો પણ એ બોલતી નથી, તો પણ એ બોલતી નથી.
ખાતી નથી...૦

પંખી બતાવું ડાળીએ જુલતાં,
મેના પોપટને મોરલા ટહુકતાં,
તો પણ એ બોલતી નથી, તો પણ એ બોલતી નથી.
ખાતી નથી...૦

પહેરાવું ઝાંઝર ને રેશમી ઝબલું,
ઠુમઠુમ નાચું ને વગાડું તબલું,
તો પણ એ બોલતી નથી, તો પણ એ બોલતી નથી.
ખાતી નથી...૦

ચાંદામામા તો આકાશે રમતાં,
બાબાગાડીમાં ઢીંગલીબેન ફરતાં,
મારે પણ બોલવું નથી, મારે પણ બોલવું નથી.
ખાતી નથી...૦

# ૧૫. આપણું આ ગુજરાત છે.

આપણું આપણું આપણું આ ગુજરાત છે. (૨)
મારું નહીં કે તારું નહીં,
એનું નહી પેલાનું નહીં,
આપણસૌનું, આપણસૌનું, આપણું આ ગુજરાત છે.
આપણું આપણું આપણું આ ગુજરાત છે.

અહીં નર્મદા,મહીં, તાપીસી મોટી મોટી નદીઓ છે.(૨)
જિલ્લે જિલ્લે નાની–મોટી કેટકેટલી નદીઓ છે.(૨)
આ નદીઓ બધી આપણી (૨)
પાણી એના આપણા
એનાથી જે જે કંઈ પાકે એ બધુએ આપણું
આપણું ભાઈ આપણું (૨)
આપણું આપણું આપણું આ ગુજરાત છે.

કચ્છ ખંભાતના અખાત આપણા,અરબસાગર આપણો
ગીર ડાંગને પંચમહાલના ડુંગર જંગલ આપણા
આ બધું સાચવશે કોણ ?
આ બધું વાપરશે કોણ ?
સાચવવાનું, વાપરવાનું એ પણ કરશું આપણે ?
આપણું આપણું આપણું આ ગુજરાત છે.
મારું નહીં કે તારું નહીં,
એનું નહી પેલાનું નહીં,
આપણસૌનું, આપણસૌનું, આપણું આ ગુજરાત છે.

# ૧૯. એવરી ડે... ડુ સમથીંગ

બ્રશ બ્રશ, બ્રશ યોર ટીથ,
બ્રશ યોર ટીથ એવરી ડે.
ફાધર, મધર, બ્રધર – સીસ્ટર,
બ્રશ યોર ટીથ એવરી ડે.

ઈટ ઈટ, ઈટ સમ ફ્રુટસ,
ઈટ સમ ફ્રુટસ એવરી ડે.
ફાધર, મધર, બ્રધર – સીસ્ટર,
ઈટ સમ ફ્રુટસ એવરી ડે.

કોમ્બ કોમ્બ, કોમ્બ યોર હેર,
કોમ્બ યોર હેર એવરી ડે.
ફાધર, મધર, બ્રધર – સીસ્ટર,
કોમ્બ યોર હેર એવરી ડે.

રીડ રીડ , રીડ સમ બુકસ,
રીડ સમ બુકસ એવરી ડે.
ફાધર, મધર, બ્રધર – સીસ્ટર,
રીડ સમ બુકસ એવરી ડે.

ગો ગો, ગો ટુ સ્કુલ,
ગો ટુ સ્કુલ એવરી ડે.
બ્રધર – સીસ્ટર એન્ડ માય ફ્રેન્ડસ
ગો ટુ સ્કુલ એવરી ડે.

# ૧૭. રોજ નિશાળે જઈએ અમે..

રોજ નિશાળે જઈએ, અમે રોજ નિશાળે જઈએ...
ગાતા રમતાં અક્ષર સાથે ઓળખાણ કર લઈએ...
ઓ... રોજ નિશાળે જઈએ.. અમે...

સાંભળ, બોલી, લખી વાંચીને વહેલા પાછાં ફરીએ,
સંખ્યાઓને સમજી–સમજી ઝટપટ ગણિત ગણીએ.
ઓ... રોજ નિશાળે જઈએ.. અમે...

પવન ઝાડ પુષ્પોની સંગે,  રમતા ઘેલા થઈએ,
ભણતરનો ના ભાર જરાયે, ભણતર બીલકુલ સહેલું,
તરંગ અને ઉલ્લાસની સાથે એમાં જ્ઞાન ભરેલું,
હોંશે–હોંશે, ભણતાં–ભણતાં ધ્યાન રમતમાં દઈએ..
ઓ... રોજ નિશાળે જઈએ.. અમે...

ભારતદેશમાં આપણ સહુંને ભણવાના અધિકારી,
ભાઈઓ બહેનો સૌને માટે ખુલ્લી નિશાળ મારી,
નવું નવું નિત જાણી લેવાનો લાવો લુંટી લઈએ..
ઓ... રોજ નિશાળે જઈએ.. અમે...

# ૧૮. મોટો મોટો થાઉં...

દોરાની હું દાઢી બનાવું, રૂની મૂંછ બનાવું,
તપેલીની ટોપી પહેરી દર્શન કરવા જાઉં...
મોટો મોટો થાઉં ને દાદા બની જાઉં..

ચશ્મા પહેરી છાપું વાચું – ડોળા કાઢી મોટા...
ડાયા ડમરાં થઈને બેસે એના પાડું ફોટા...
મોટો મોટો થાઉં ને પપ્પા બની જાઉં...

અંધારામાં ઊભો રહું ના બિલ્લીથી ના ડરું..
જાતે જાતે નાહીં લઉંને જાજું લેશન કરું...
મોટો મોટો થાઉં ને ભાઈ બની જાઉં....

રાતે પાછો નાનકડો થઈ મમ્મી પાસે જાઉં
મારી વાલી મમ્મીનો હું ડાયો દીકો થાઉં...
નાનો નાનો થાઉં ને તરત સુઇ જાઉં...

# ૧૯. હું તો જાડિયો ભીમ બની જાઉં

હું તો જાડિયો ભીમ બની જાઉં
બધું ખાવાનું ચટ કરી જાઉં
કે બા ભલે રાંધ્યા કરે...
બંદો ખાધા કરે... બંદો ખાધા કરે..

પેલી જાનકીબેનનાં રસોડામાં જાઉં
તેનો ભાગ ખાઈ જાઉં
કે બેન ભલે રડયાં કરે...
બંદો ખાધા કરે... બંદો ખાધા કરે...

પેલા શીવાસાહેબના બગીચામાં જાઉં
તેનો રસ પી જાઉં
કે સાહેબ ભલે દોડયા કરે...
બંધો ખાધા કરે... બંદો ખાધા કરે...

# ૨૦. દાદાજીની લાકડી લાકડીનો ઘોડો

દાદાજીની લાકડી, લાકડીનો ઘોડો,
ઘોડાની પૂંછડી પર માર્યો હથોડો...
દોડયો.. દોડયો.. દોડયો..
ઘોડો ઊભી પૂંછડીએ દોડયો..
લા...લા... લા...લ..લ.. લા... લા...

ઘોડો કેવો તગડો છે જુઓ કેવી ચરબી છે,
ચાલે છે રૂઆબથી ઘોડો અમારો અરબી છે.
લા...લા... લા...લ..લ.. લા... લા...

ઘોડો પહોંચ્યો શાક બજારમાં, ઘોડો હતો ઘમંડી,
શાક બજારમાં બરફ પડયો તો, લાગી ગઈ એને થંડી.
લા...લા... લા...લ..લ.. લા... લા...

ઘોડો પહોંચ્યો ચોકમાં, ચોકમાં હજામ હતો,
હજામે બનાવી ઘોડાની હજામત,
લા...લા... લા...લ..લ.. લા... લા...

દાદાજીની લાકડી, લાકડીનો ઘોડો,
ઘોડાની પૂંછડી પર માર્યો હથોડો...
દોડયો.. દોડયો.. દોડયો..
ઘોડો ઊભી પૂંછડીએ દોડયો..
લા...લા... લા...લ..લ.. લા... લા...

## ૨૧. અમે ફેરફુદરડી ફરતા તાં...

અમે ફેરફુદરડી ફરતાં તાં,
અમે ગોળ ફુદરડી ફરતાં તાં.
ફેરફુદરડી ફરતાં ફરતાં –
પડી જવાની કેવી મજા!
ભાઈ પડી જવાની કેવી મજા!

અમે સાતતાળી રમતાં તાં,
અમે દોટં દોટા કરતાં તાં.
દોટં દોટા કરતાં કરતાં –
પકડાઈ જવાની કેવી મજા!
ભાઈ પકડાઈ જવાની કેવી મજા!

અમે આંબલી–પીપળી રમતાં તાં,
અમે ઝાડે ઝાડે ચડતાં તાં.
ઝાડે ઝાડે ચડતાં ચડતાં –
પડી જવાની કેવી મજા!
ભાઈ પડી જવાની કેવી મજા!

અમે ઉંદર–બિલ્લી રમતાં તાં,
અમે ચુંચું– મ્યાઉં મ્યાઉં કરતાં તાં.
ચુંચું– મ્યાઉં મ્યાઉં કરતા કરતાં –
નાશી જવાની કેવી મજા!
ભાઈ નાશી જવાની કેવી મજા!

અમે સંતાકુકડી રમતાં તાં,
અમે ખોળં–ખોળાં કરતાં તાં.
ખોળં–ખોળાં કરતા કરતાં –
સંતાઈ જવાની કેવી મજા!
ભાઈ સંતાઈ જવાની કેવી મજા!

# ૨૨. ભણવાને આવજો હો...

ભણવાને આવજો રે!, મારી નિશાળમાં,
ભુલકા સૌ આવજો રે! મારી નિશાળામાં.

મોટું મેદાન છે, ઓરડાની હાર છે,
બારી–બારણાંનો સુંદર શણગાર છે.
રમવાને આવજો રે! મારી નિશાળમાં.
ભણવાને...

ચાર ચાર સર છે ને ચાર ચાર મેડમ છે,
ઘડિયાળ મજાની ખૂબ ટાઈમસર છે,
વહેલાસર આવજો રે! મારી નિશાળમાં.
ભણવાને...

લાલ–પીળા ફૂલોનાં વૃક્ષોની હાર છે,
સૌની માનીતી મારી નિશાળ છે,
એક આંટો મારજો રે! મારી નિશાળમાં
ભણવાને...

ભણી–ગણીને તમે ટીચર બનજો,
કોલેજમાં જઈ તમે લેકચરર બનજો,
મોનીટર બનજો રે! મારી નિશાળમાં.
ભણવાને...

# ૨૩. બચુભાઈ કેવડા હતાં રે...

એક્શન સૉંગ

બચુભાઈ કેવડા હતા રે...? (૨)
બચુભાઈ આવડા હતા રે...! (૨)
બચુભાઈ કેમ કરીને કપડાં ધોતા રે...? (૨)
બચુભાઈ આમ કરીને કપડાં ધોતા રે...! (૨)

બચુભાઈ કેવડા હતા રે...? (૨)
બચુભાઈ આવડા હતા રે...! (૨)
બચુભાઈ કેમ કરીને સંજવારી વાળતાં રે... ? (૨)
બચુભાઈ આમ કરીને સંજવારી વાળતાં રે...! (૨)

બચુભાઈ કેવડા હતા રે...? (૨)
બચુભાઈ આવડા હતા રે...! (૨)
બચુભાઈ કેમ કરીને વાંસણ માંજતા રે...? (૨)
બચુભાઈ આમ કરીને વાંસણ માંજતા રે...! (૨)

બચુભાઈ કેવડા હતા રે...? (૨)
બચુભાઈ આવડા હતા રે...! (૨)
બચુભાઈ કેમ કરીને ગાડી હાંકતાં રે...? (૨)
બચુભાઈ આમ કરીને ગાડી હાંકતાં રે...! (૨)

બચુભાઈ કેવડા હતા રે...? (૨)
બચુભાઈ આવડા હતા રે...! (૨)
બચુભાઈ કેમ કરીને સૂતા રે...? (૨)
બચુભાઈ આમ કરીને સૂતા રે...! (૨)

# ૨૪. જંગલકેરા પ્રાણીઓની છૂકછૂક ગાડી ચાલી

જંગલ કેરા પ્રાણીઓની છૂક છૂક ગાડી ચાલી,
છૂક છૂક કરતી, છૂક છૂક કરતી,
છૂક છૂક ગાડી ચાલી.

સૌની આગળ કાળો હાથી એન્જિન એ કહેવાય...
હાથી પર બેઠું સસલું ડ્રાઈવર એ કહેવાય...
જંગલ આખું ઘમઘમ થાતું પક્ષીઓ ગભરાય.
જંગલ કેરા...

લાંબી ડોકે જીરાફભાઈ જંગલ જોતા જાય...
કાંણી આંખે કાગડાભાઈ ગાડી જોતા જાય...
જંગલ કેરા....

કોટ પહેરી વાંદરાભાઈ ડબ્બે ડબ્બે જાય...
પાંદડાની ટિકિટ તપાસે ચેકર એ કહેવાય...
જંગલ કેરા....

સૌની પાછળ રીંછભાઈ ઝંડી લઈને જાય...
પીપ.. પીપ.. પીપ.. પીપ.. સીટી વગાડે
ગાડી ઉપડી જાય...
જંગલ કેરા....

# ૨૫. આજ મને બા એમ જ થાય...

આજ મને બા.. આજ મને બા.. એમ જ થાય..
મિંદડીનું નાનું બચ્ચું બની જાઉં,
મ્યાઉં મ્યાઉં કરી તારી પાસે હું આવું,
આજ મને બા.. આજ મને બા.. એમ જ થાય..

કૂતરાનું નાનું ગલુડિયું બની જાઉં,
વાઉં..વાઉં કરી તને કરડવા આવું,
આજ મને બા.. આજ મને બા.. એમ જ થાય..

બકરીનું નાનું બચ્ચું બની જાઉં,
બેં..બેં.. કરી તારી પાસે હું આવું,
આજ મને બા.. આજ મને બા.. એમ જ થાય..

મોગરાનું નાનું ફૂલ બની જાઉં,
ફૂલ બનીને તારું માથું શોભાવું,
આજ મને બા.. આજ મને બા.. એમ જ થાય..

વૃક્ષો બનીને તારું આંગણું શોભાવું,
આજ મને બા.. આજ મને બા... એમ જ થાય.
આજ મને બા.. આજ મને બા.. એમ જ થાય..

## ૨૬. લીલી પીળી બસ ચાલી જાય...

લીલી પીળી બસ ચાલી જાય...
ચાલી જાય.. ચાલી જાય...

એક ટકોરે અટકે... બે ઉપડી જાય...
ઉપડી જાય.... ઉપડી જાય.
ટીન અટકે.. ટીનટીન ઉપડી જાય...
ઉપડી જાય... ઉપડી જાય.

કાળા ડામરના રસ્તા...
આવે છે સામાં ઘસતાં...
નદીઓ નીચેથી સરકી જાય...
સરકી જાય... સરકી જાય...
લીલી પીળી...

બારી પાસે હું બેસું...
જોતો હું ગાયો ભેંશું...
ઊંટની વણઝાર... ચાલી જાય...
ચાલી જાય... ચાલી જાય...
લીલી પીળી...
લાંબો કન્ડકટર આવે...
ટીકટીક ટીકટીક ટીકિટ માંગે...
છૂટ્ટા પૈસા હોય તો આપો ભાઈ...
મારાભાઈ... મારા ભાઈ...
લીલીપીળી...

# ૨૭. ચકીબેન ચકીબેન મારી સાથે...

ચકીબેન ચકીબેન મારી સાથે રમવાં
આવશો કે નહીં... આવશો કે નહીં...

બેસવાને પાટલો, સૂવાને ખાટલો,
ઓઢવાને પીંછાં આપીશ તને...આપીશ તને...

પહેરવાને સાડી, મોરપીંછવાળી...
ઘમ્મરિયો ઘાઘરો આપીશ તને...આપીશ તને...

ચકચક કરજો, ચીં ચીં કરજો...
ચણવાને દાણા... આપીશ તને..આપીશ તને...

બિલ્લી નહીં આવશે, કુત્તો નહીં આવશે,
ચોકમાં દાણા નાખ્યાં છે...

ચકીબેન ચકીબેન મારી સાથે રમવાં
આવશો કે નહીં... આવશો કે નહીં...

## ૨૮. અંતર મંતર જંતર...

અંતર મંતર જંતર હું જાણું છું એક મંતર
તને ચકલી બનાવી દઉં, તને કાગડો બનાવી દઉં,

જુઓ આ ટોપલી છે ખાલી,
એમાં પરી આવે છે મતવાલી.
મારી ટોપલીમાં જાદુ, એમાં પરીને બેસાડું
એનું સસલું બનાવી દઉં
અંતર મંતર...

જુઓ આ ગંજીપાની રમત,
રમતમાં છે મોટી ગમ્મત.
પેલા ગુલામ આવે છે, પછી રાણી આવે છે
એનો બાદશાહ બનાવી દઉં
અંતર મંતર...

જુઓ આ નાનાભાઈ ઢીંગું,
એનું નામ પાડયું છે મે તો લીંબું.
લીંબું ખૂબ દોડે છે, મોટા ઝાડ કૂદે છે.
એને લીંબુ બનાવી દઉં
અંતર મંતર...

જુઓ આ મેના વગડાની,
તે ગાય છે તન દે..રે.. તાની.
તે જંગલમાં આવી, એને પાંજરામાં પાળી
એનો કૂકડો બનાવી દઉં
અંતર મંતર...

# ૨૯. નાની મારી સ્લેટ...

નાની મારી સ્લેટ ને નાની ચોપડી
શાળાએ જવાની મને મજા રે પડી

મમ્મી પપ્પા આવજો હું શાળા એ જાઉં
શાળાએ જઈને હું તો શિક્ષક બની જાઉં

કલમનો ‘ક’ અને ખટારાનો ‘ખ’
ગણપતિનો ‘ગ’ અને ઘરનો ‘ઘ’
નાની મારી સ્લેટ...

એકડે ‘એક’ ને બગડે ‘બે’
ત્રગડે ‘ત્રણ’ ને ચોગડે ‘ચાર’
નાની મારી સ્લેટ...

એક એક ‘એક’ ને એક બે ‘બે’
એક ત્રણ ‘ત્રણ’ ને એક ચાર ‘ચાર’
નાની મારી સ્લેટ...

# ૩૦. ઢીંગલીબેન લપસી પડયાતાં....

બાગમાં ફરવાને ગ્યા'તાં કે...
ઢીંગલીબેન લપસી પડયા'તા...

હું તો મારી ઢીંગલી માટે ડૉક્ટર બોલાઉં...
પાટો બાંધીને સૂવડાઉં કે...
ઢીંગલીબેન લપસી પડયા'તા...

હું તો મારી ઢીંગલી માટે લાડું બનાવું,
લાડું ખાઈને થયા તાજાં કે...
ઢીંગલીબેન લપસી પડયા'તા...

હું તો મારી ઢીંગલી માટે શીરો બનાવું,
શીરો ખાઈને થાઈ જાડાં કે...
ઢીંગલીબેન લપસી પડયા'તા..

બાગમાં ફરવાને ગ્યા'તાં કે...
ઢીંગલીબેન લપસી પડયા'તા...

# ૩૧. મજાની ખીસકોલી...

તું અહિંયા રમવા આવ... મજાની ખીસકોલી...
તું દોડ.. તને દઉં દાવ... મજાની ખીસકોલી...
તું કેવી હસે ને રમે... મજાની ખીસકોલી...
તારા કૂદકા તો બહું ગમે... મજાની ખીસકોલી...
તું જયારે ખિલખિલ કરે... મજાની ખીસકોલી...
તારી પૂંછડી ઊંચી થાય... મજાની ખીસકોલી...
તારા અંગે સુંદર પટ્ટા... મજાની ખીસકોલી...
તારી ખાવાની શી છટ્ટા... મજાની ખીસકોલી...
તું ઝાડે ઝાડે ચડે... મજાની ખીસકોલી...
કહે કેવી મજા ત્યાં પડે ?... મજાની ખીસકોલી...
બહું ચંચળ તારી જાત... મજાની ખીસકોલી...
તું ઉંદરભાઈની જાત... મજાની ખીસકોલી...

# ૩૨. જનમદિવસ છે મેનાનો...

આવોને પોપટ, આવો ને ચકલા
આવોને હોલા, આવો ને બગલા
જનમદિવસ છે મેનાનો...

સાડી પહેરી ચકલી આવી
મેના માટે ચુંદડી લાવી
સમડી સૂતરફેણી લાવી
જનમદિવસ છે મેનાનો...

હોલાભાઈ તો હલવો લાવ્યા
કાળોકોસી કાજુ લાવ્યા
બગલાભાઈ તો બરફી લાવ્યા
જનમદિવસ છે મેનાનો...

બદામપૂરી બૂલબૂલ લાવ્યો
ચાતક ચેવડો–પેંડા લાવ્યો..
હંસ તો મોતીની માળા લાવ્યો
જનમદિવસ છે મેનાનો..

સોનાની માળા કોયલ લાવી
ફૂલ ચકલી તો ફૂલડાં લાવી
કાબરબેન તો કંગન લાવ્યા
જનમદિવસ છે મેનાનો...

લક્કડખોદ તો લાડુ લાવ્યા
બતકબેન તો બિસ્કિટ લાવ્યા
પાન સોપારી પોપટ લાવ્યા
જનમ દિવસ છે મેનાનો..

આવોને...

## ૩૩. એક રૂપિયાના દશકા દશ...

એક રૂપિયાના દશકા દશ,
ખીસ્સામાં ખખડે ને પડે મારો વટ...
એક રૂપિયાના...

એક દશકો મેં ભાભી ને આપ્યો
કાગળ લખો ભાઈ ઘરે આવે જટ...
એક રૂપિયાના...

બે દશકા મેં મમ્મીને આપ્યા
મમ્મીએ મને ઊંચકી લીધો પટ
એક રૂપિયાના...

ત્રણ દશકા મેં પપ્પાને આપ્યા
પપ્પાએ મને ટપલી મારી ટપ
એક રૂપિયાના...

ચાર દશકા મેં દાદાને આપ્યા
બાથમાં લઈને મને બકી ભરી બચ
એક રૂપિયાના...

સૌની ચીજ મેં સૌને આપી
દાદાનો હું દીકરો, મારો ભારે પડે વટ
એક રૂપિયાના...

# ૩૪. અમે ભાઈબહેન ભેગા અમે...

અમે ભાઈ બહેન ભેગા અમે ભણવા જવાનાં
ભણવા જવાના
અમે ભણવા જવાના
અમે ભાઈ બહેન ભેગા અમે ભણવા જવાના.

વહેલા ઊઠવાના (૨)
નાહીં લેવાના (૨)
અમે નાહીં ધોહી વહેલા નિશાળે જવાના..
અમે ભાઈ બહેન...

સફાઈ કરવાના
પ્રાર્થના કરવાના
બાગમાં ફરવાના
અમે રમત રમવાનાં
અમે ભાઈ બહેન ભેગા...

એકડો શીખવાના
બગડો શીખવાના
કક્કો શીખવાના
અમે વાંચતા શીખવાના
અમે ભાઈ બહેન ભેગા...

# ૩૫. એક મજાનો માળો એમા...

એક મજાનો માળો એમા દસ ચકલીઓ રહેતી'તી
પેલી ચકલી ચોખા ખાંડે
બીજી મગડા ભરડે
ત્રીજી બેઠી કરે તડાકાં
ચોથી ચોખા ચાળે
પાંચમી ઓરે ખીચડીને
છઠ્ઠી છમછમ નાચે
સાતમી શાક સુધારેને
આઠમી હજુએ ઊંઘે
નવમી નીર ભરી લાવેને
દસમી દમ ભિડાવે
કહો ખીચડી થઈ ગઈ છે...
હવે કોણ જમે ને કોણ રમે ?
કામ કરે ઈ જમે ને ન કરે ઈ રમે.

## ૩૯. આ અમારુ ઘર છે....

આ અમારુ ઘર છે ને એમા એક રસોડું છે,
સૌથી વહેલું જાગે છે ને સૌનેએ જગાડે છે.

આ અમારુ ઘર છે ને એમા બે બારી છે,
એકમાંથી સૂરજ આવે છે, બીજામાંથી જાગ છે.

આ અમારુ ઘર છે ને એમાં મોટું આંગણું છે,
દિવસ આખો કલબલ કરતું રાતે ક્યારેક ભસે છે.

આ અમારુ ઘર છે ને એમાં એક હીંચકો છે,
ઉપર–નીચે થયા કરતો ગીતો ગાયા કરે છે.

ઘરમાં એક બેન છે ને એની સાથે કિટ્ટા છે,
રાતે બુચ્ચા થઈ જશે ને આ અમારુ ઘર છે.

# ૩૭. કોયલ કૂકૂ ગાય...

કોયલ કૂ કૂ ગાય મને ગાવાનું મન થાય,
ગાવાનું હું શરૂ કરુ તો પપ્પા મારા ખિજાય.

ચકલી ચણ—ચણ ખાય મને ખાવાનું મન થાય,
ખાવાનો આ સમય નથી ને મમ્મી મારા ખિજાય.
કોયલ...

ઊડતું પતંગિયું જોઈ મને ઊડવાનું મન થાય,
ઊડવાનું હું શરુ કરુ તો નીચે પડી જવાય.
કોયલ...

રોજ નિશાળે જઈ મને ભણવાનું મન થાય,
ભણવામાં જો ભૂલ પડે તો સાહેબ મારા ખિજાય.
કોયલ...

પથારીમાં સૂતા—સૂતા મને કંઈ કંઈ વિચાર થાય,
વિચારોમાં ચડી જાઉં તો સપને સરી જવાય.
કોયલ...

મારી ઈચ્છા પુરી થાય તો ગમતું બધું જ થાય,
ઈચ્છા પુરી થાય ત્યાં કોયલ કૂ કૂ ગાય.

# ૩૮. આજ અમે સૌ નાના બચ્ચાં...

આજ અમે સૌ નાના બચ્ચાં
કાલે મોટા થાશું,
હો ભાઈ કાલે મોટા થાશું.

તમે કહો તો સીતામાનાં લવ–કુશ જેવા થાશું,
હો ભાઈ લવ–કુશ જેવા થાશું.
આજ અમે...

તમે કહો તો જશોદાજીનાં કાના જેવા થાશું,
હો ભાઈ કાના જેવા થાશું.
આજ અમે...

તમે કહો તો જીજામાનાં શિવા જેવા થાશું,
હો ભાઈ શિવા જેવા થાશું.
આજ અમે...

તમે કહો તો શકુંતલાનાં ભરત જેવા થાશું,
હો ભાઈ ભરત જેવા થાશું.
આજ અમે...

તમે કહો તો પુતળીમાનાં મોહન જેવા થાશું,
હો ભાઈ કાના જેવા થાશું.
આજ અમે...

# ૩૯. મારી મમ્મીએ આજ મને માર્યું...

મારી મમ્મીએ આજ મને માર્યું,
કે મમ્મી સાથે નહીં બોલું.. નહીં બોલું.. નહીં બોલું રે...

પપ્પા સંગાથે મારે જાવું—
બજારમાં એવી તે હઠ મેં લીધી, (૨)
મને મમ્મીએ બાથરૂમમાં પૂરી દીધી...
મારી મમ્મી સાથે નહીં બોલું.. નહીં બોલું..
નહીં બોલું રે...

મમ્મીની નકામી સાડી ફાડીને—
મેં તો ઢીંગલીના પોતિયા કીધા...
મને તમાચા ચાર ચોળી દીધા...
મારી મમ્મી સાથે નહીં બોલું.. નહીં બોલું..
નહીં બોલું રે...

કપડાં ધોવાની પાણી ભરેલ ડોલ—
અમથી—અમથી ઢોળી નાથી. (૨)
એ મને ધોકે ધોકે ધોઈ નાખી.
મારી મમ્મી સાથે... નહીં બોલું.. નહીં બોલું..
નહીં બોલું રે...

રોતી રોતી હું એક ખુણામાં જઈ બેસી,
મને ખોળામાં લઈ વ્હાલ એ કે'તી.
મમ્મી સાથે હું બોલું... હું બોલું... હું બોલું રે...

# ૪૦. પોપટ પાંજરામાં મીઠું મીઠું બોલે...

પોપટ પાંજરામાં મીઠું મીઠું બો...લે,
એને સાંભળીને દિલ અમારુ ડો...લે.

લીલો–લીલો રંગ એનો લીલો–લીલો રં...ગ.,
રાતી–રાતી ચાંચ  કાળો કાઢલાનો રં...ગ.
પોપટ...

કેરી ખાય... મરચું ખાય... ગોરસ આંબલી ખાય...
રામરામ સીતારામ બોલતો એ જા...ય.
પોપટ...

પટ પટ થાય એની ગોળ ગોળ આંખો...
શોભે એની પૂછડી...ને... શોભે એની આંખો...
પોપટ...

# ૪૧. ધોળા ધોળા સસલા...

ધોળા ધોળા સસલા તમે ક્યાં ચાલ્યા ? (૨)
અમે જંગલ તરફ જઈએ... (૨)
અમે કુણા તરુણા વીણી ખાઈએ... (૨)
એવા ધોળા ધોળા અમે સસલા રે છીએ...(૨)

ધોળા ધોળા બગલા તમે ક્યાં ચાલ્યા ? (૨)
અમે તળાવ કાંઠે જઈએ... (૨)
ઝટપટ માછલાં વીણી લઈએ... (૨)
એવા ધોળા ધોળા અમે બગલા રે છીએ...(૨)

ધોળા ધોળા હંસલા તમે ક્યાં ચાલ્યા ? (૨)
અમે માન સરોવર જઈએ... (૨)
સાચા મોતી ચણી લઈએ... (૨)
એવા ધોળા ધોળા અમે બગલા રે છીએ...(૨)

એવા ધોળા ધોળા અમે પક્ષીઓ છીએ...

# ૪૨. દસ નાની ચકલી...

દસ નાની ચકલી...
ચીં... ચીં... કરતી...
ડાળે ડાળે ફરતી...
મીઠા ફળ ખાતી...
એક ચકલી ઊડી ગઈ...
કેટલી વધી ? (નવ...)

નવ નાની ચકલી...
ચીં... ચીં... કરતી...
ડાળે ડાળે ફરતી...
મીઠા ફળ ખાતી...
એક ચકલી ઊડી ગઈ...
કેટલી વધી ? (આઠ...)

ક્રમીક...

એક નાની ચકલી..
ચીં... ચીં... કરતી...
ડાળે ડાળે ફરતી...
મીઠા ફળ ખાતી...
એક ચકલી ઊડી ગઈ...
કેટલી વધી ?
એકે નહીં... (શૂન્ય)

# ૪૩. ટ્રીન ટ્રીન ટેલીફોન...

ટ્રીન ટ્રીન.. ટ્રીન ટ્રીન.. ટેલીફોન...
હેલ્લો... આ કોનો ફોન છે ?
આ તો મારા મમ્મીનો ફોન છે !
મમ્મી મમ્મી જલ્દી આવો;
મારા માટે પેંડા લાવો.

ટ્રીન ટ્રીન.. ટ્રીન ટ્રીન.. ટેલીફોન...
હેલ્લો... આ કોનો ફોન છે ?
આ તો મારા પપ્પાનો ફોન છે !
પપ્પા પપ્પા જલ્દી આવો;
મારા માટે ચોકલેટ લાવો.

ટ્રીન ટ્રીન.. ટ્રીન ટ્રીન.. ટેલીફોન...
હેલ્લો... આ કોનો ફોન છે ?
આ તો મારા ટીચરનો ફોન છે !
ટીચર ટીચર જલ્દી આવો;
મારા માટે પાટી–પેન લાવો.

# ૪૪. એક એટલે એકડો...

એક એટલે એકડો, તાણે મોટો ભેંકડો

બે એટલે બગડો, બગડો તો રગડો

ત્રણ એટલે તગડો, તગડો તો તગડો.

ચાર એટલે ચોગડો, મોટો મોટો ચોપડો

પાંચ એટલે પાંચડો, જંગલમાં માંચડો

છ એટલે છગડો, વાંકો ચૂકો દગડો

સાત એટલે સાતડો, કબૂતર ને કાગડો

આઠ એટલે આઠડો, બેસવાનો બાકડો

નવ એટલે નવડો, નવરાત્રીનો દીવડો

દસ એટલે દસ, બસ બસ બસ

# ૪૫. એક કહેતા એક હાથ ઊંચો...

એક કે'તા એક હાથ ઊંચો
બે કે'તા  બે હાથ ઊંચા
ત્રણ કે'તા તાલી પાડો
ચાર કે'તા ચપટ્ટી વગાડો
પાંચ કે'તા પાછળ હાથ
છ કે'તા માથે હાથ
સાત કે'તા ખંભે હાથ
આઠ કે'તા કમરે હાથ
નવ કે'તા નમસ્કાર
દસ કે'તા અદબ વાળો.

# ૪૬. રંગીલા રંગીલા પતંગિયા...

રંગીલા રંગીલા રંગીલા પતંગિયા..
આહાહા... આહાહા... રંગીલા પતંગિયા.

ફૂલડે ફૂલડે આમતેમ દોડતાં,
આકાશે ઊડતા ને હાથમાં ન આવતાં.
મન મારુ મોહી લેતા રંગીલા પતંગિયા...
આહાહા... આહાહા... રંગીલા પતંગિયા.

બાળકો બાગમાં રમવાને આવતાં,
દોડતાં દોડતાં અમને થકાવતાં.
મન મારુ મોહી લેતા રંગીલા પતંગિયા...
આહાહા... આહાહા... રંગીલા પતંગિયા.

# ૪૭. ચણ ચણ બગલી ચણાની દાળ...

ચણ ચણ બગલી ચણાની દાળ
સુંદર આ સરોવરની પાળ

ફૂલડા ડોલે ડાળે ડાળે
કોયલ બોલે આંબા ડાળે

પોપટ બોલે બેસી પાળ
સવાર બપોર ને સંધ્યાકાળ
સીતારામ સીતારામ

નાચતા કૂદતા રમતા બાળ
ગીત ગાતા નાના બાળ

અલ્લક મલ્લક ઝાંઝર ઝલ્લક
પૂતળી એ જમાડી જાન

આવજે કાગડા કઢી પીવા
મારામાં કાંકરી ખૂચેં છે

ગોતી દો ભાઈ ગોતી દો
નહીંતર પાછો દાવ દો.

# ૪૮. સસલીબેને સેવ બનાવી...

સસલીબેને સેવ બનાવી, સસલો જમવાં બેઠો;
જમતાં જમતાં યાદ આવ્યું કે આજે સોમવાર છે.

માખીબેને મધ પીરસ્યું ને મકોડાંભાઈ જમતાં,
જમતાં જમતાં મલકયાં આજે મંગળવાર છે.

બીલ્લો બીલ્લી બાજયાં ત્યારે બંદર થયો તો કાજી,
બટકે બટકે બધુ જમી ને કહે આજે બુધવાર છે.

ગધ્ધાજીને ગેંડાજી બેઈ હું ખાઉં હું ખાઉં કરતાં,
ગાય આવી ત્યાં બોલી કે આજે ગુરુવાર છે.

શિયાળભાઈએ ખેતરમાં જઈ શેરડી બહું બહું ખાધી,
ખેડૂ આવીને બોલ્યા આજે શુક્રવાર છે.

શાહમૃગજી શામળા નીચે એક પગે થઈ ઉભા,
બંદર પૂછે કેમ ?  તો કહે આજે શનિવાર છે.

રાધાબેને રાજુભાઈને કહ્યું કે ચાલો આજે ભણીએ,
ભાઈ કહે બહેન આજે રવિવાર છે.

# ૪૯. હું તો દોડું ત્યાં ધરતી ધમધમતી...

હું તો દોડું ત્યાં ધરતી ધમધમતી
મારા પગ કેરી ઘૂઘરી ઝૂમઝૂમતી
હું તો દોડું...

પેલાં ઊડે પતંગિયા રંગરંગી
ક્યારે દોડીને થાઉં એની સંગી
જરી દોડું ત્યાં ધરતી ધમધમતી
હું તો દોડું...

પેલા આભલે વાદળી વરસી જતી
એની પાછળ પડું એમ સરકી જતી
બૂમ પાડું ત્યાં ધરતી ધમધમતી
હું તો દોડું...

મારે આંગણે મોરલે કળા કરી
મને જોવાની કેવી મજા પડી
જરી નાચું ત્યાં ધરતી ધમધમતી
હું તો દોડું...

ઊગ્યો ચાંદો ને રાત થઈ અજવાળી
અમે ભાઈને બેન રમ્યા સાતતાળી
વીરો ભાગે ત્યાં ધરતી ધમધમતી
હું તો દોડું....

# ૫૦. મારા આંગળાનો જાદુ...

મારા આંગળાનો જાદુ મારા આંગળાનો જાદુ (૨)

મારા આંગળામાંથી બે હરણ બની જાય
ઊંચા કાન કરીને એ તો ઠેકડા મારતાં જાય
મારા...

મારા આંગળામાંથી પતંગિયું બની જાય.
ઉડતું જઈને ફૂલ પર બેસે એ પણ ફૂલ થઈ જાય
મારા...

મારા આંગળામાંથી માછલી બની જાય
પાણીમાં એ સરસર તરતી ઉપર નીચે થાય
મારા...

આંગળાથી પેન્સિલ પકડું ચિત્રો સરસ દોરાય
આંગળાથી પીંછીં પકડું રંગો નવા ભરાય
મારા...

ક્યારેક મારી આંગળી આ તોફાની થઈ જાય
નાકમાં જઈને ખણખણ કરતી આવું ન કરાય
મારા...

મારા આંગળાથી જો કોઈનાં આંસુડાં લૂછાય
મારી સાથે ત્યારે પ્રભુજી પણ રાજી થાય
મારા...

બંને હાથના આંગળા જ્યારે ભેગા થઈ જાય
ગુરુજી પ્રભુજી માતપિતાને જય જય જય કરાય
મારા...

# ૫૧. પંખી બની ઊડી જઈએ...

પંખી બની ઊડી જઈએ... (૨)
હો... હો... હો... ચાંદામામાનાં દેશમાં...

રૂપાળી પરીઓનો દેશ... ચાંદામામા...
પરી બની ઉડી જઈએ.... (૨)
હો... હો... હો... ચાંદામામાનાં દેશમાં...

રૂપેરી વાદળીનો દેશ... ચાંદામામા...
વાદળી બની વરસી જઈએ... (૨)
હો... હો... હો... ચાંદામામાનાં દેશમાં...

ટમટમતાં તારલાનો દેશ... ચાંદામામા...
તારલા બની ટમકી જઈએ... (૨)
હો... હો... હો... ચાંદામામાનાં દેશમાં...



**આપના સુચન આવકાર્ય છે.....**

દલસાણિયા અમિતભાઇ રસિકભાઇ
આસિ.પીપળિયા પ્રા.શાળા, મુ.પીપળિયા
તા.ધોરાજી જિ.રાજકોટ.

**આભાર....**